

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*મંદિર મૂકીને વિકાસના ઝૂલે ઝૂલે છે,*
*બેસે આદિવાસી ઘોડે મુસ્લિમોને, ભૂલે છે.*
*ફટકારે 'સિંહ'ને, ને પંપાળે 'શ્વાનોને' પ્રેમે -*
*આ સર્કસમાં વાઘની પીઠે બકરી કૂલે છે...*
*(સિદ્ધાંત અને દિશાહીન પક્ષો)*

### હાઈકુ

*'સરદાર' ને*
*પડાવી લીધા, હવે -*
*આંબેડકર!!*
*(પકડે પડછાયા)*

*મારું એટલે -*
*થાય છે અપમાન*
*'ગુજરાત'નું*
*(ભારતનું કેમ ન બોલ્યા?)*

### ચિંતન

**નાસ્તિ ધર્મસમઃ સખા**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**ધર્મ સમાન મિત્ર નથી.**

**સદ્કાર્યો કરવા અને પોતાના કર્તવ્યને નિષ્ઠાપૂર્વક કરવું એને ધર્મ કહે છે. આ ગુણ જ મનુષ્યનો સાચો મિત્ર છે અને તે એને બધી જ પરિસ્થિતિઓ અનુકૂળ અને પ્રતિકૂળમાં સર્વ પ્રકારની સહાયતા કરે છે.**

**સાચો મિત્ર સાચું માર્ગદર્શન આપે છે.**

**સત્ય સલાહ આપે છે. સાચી હૂંફ અને સાચું આશ્વાસન આપે છે. ન ગમતું કડવું સત્ય પણ કહે છે... 'ધર્મ' ગ્રંથ અને ધર્મનું અનુસરણ પણ વિશ્વાસ સાથે હિંમત અને નિશ્ચિંતપણું આપે છે. ધર્મ ખરેખર મિત્ર સમાન છે.**

### સુવિચાર

- એક માણસ સ્મિત અને સ્મિત જ આપ્યા કરે છે અને છતાંય એ ખલનાયક હોઈ શકે છે - **શેક્સપિયર**
- દોષ વિનાનો માણસ ખીણ વિનાના શિખર જેવો છે, મને એમાં રસ નથી - **વિલિયમ બ્લેઈક**
- માનવી તું સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક - **બાયરન**
- ઈશ્વરને માપવો એ આકાશને ગલેફ ચઢાવવા બરાબર છે - **જ્ઞાનદેવ**
- પ્રાર્થના ઈશ્વર પાસે પહોંચવાની પાંખ છે અને ધ્યાન ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની આંખ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઘાસ થઈને ઊગવું હળવું નથી હું પણ છોડવું હળવું નથી - **મંગળ રાવલ**
- આજનું ઔષધ : પાકા બે કેળા દહી સાથે સુર્યોદય પહેલા ખાવાથી જીભનાં ચાંદા મટે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

બ્રિટીશ શાસને વીર સાવરકરને આજીવન કારાવાસની સજા ભોગવવા આંદામાનની સેલ્યુલર જેલમાંમ મોકલ્યા.

એમના ગળામાં લોખંડની તકતી લગાડવામાં આવી હતી, જેની પર અંકિત કરેલ શબ્દો હતા. '૪૦ વરસનો કારાવાસ' આ લખાણ વાંચી આંદામાન જેલનો યમદૂત જેલર બારી રોજ સાવરકરની મશ્કરી કરી પૂછતો રહેતો, 'શું તું ચાલીસ વરસની જેલની સજા અને એ પણ આ સેલ્યુલર જેલમાં કાપીશ ? ત્યાં સુધી શું તું જીવતો રહી શકીશ ??'

વીર સાવરકર દૃઢતાપૂર્વક બારી ને જવાબ આપતા 'હું તો ચોક્કસ જીવતો રહીશ, પણ શું ચાલીસ વરસ સુધી હિન્દુસ્તાનમાં બ્રિટીશ શાસન જીવંત રહેશે?' ના, નહીં રહે, મારી પરવારશે.'

વીર સાવરકરની આ ભવિષ્યવાણી અક્ષરસઃ સત્ય બની રહી.

# લાંબી રેસની ઘોડેસવારી

**તંત્રીસ્થાનેથી...**

સને ૧૮૮૫માં સ્થપાયેલી કોંગ્રેસના પ્રેરક હતા ભારતના પરમ શુભેચ્છક ઍડગર એલન હ્યુમ અને પ્રથમ પ્રમુખ હતા સર વ્યોમેશચંદ્ર બેનરજી. આ બૌદ્ધિકોની કબલ હતી અને કંપની સરકાર પાસે દેશી પ્રજા માટે વધુ સારા સંબંધો કેળવી સુચારું, લોકધર્મી શાસન સ્થપાય તે જ એનો ઉદ્દેશ હતો. એ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ કાળક્રમે ભારતીય પ્રજાજનોનો અવાજ બની ગઈ. એને ફિરોઝ શાહ ગાંધી, લોકમાન્ય ટિળક અને ગોપાળકૃષ્ણ ગોખલે જેવા સબળ નેતાઓ સાંપડ્યા. દક્ષિણ આફ્રિકાના સફળ સત્યાગ્રહ પછી મોહનદાસ કરમચંદ ગાંધીમાં એને લાંબી રેસનો ઘોડો સાંપડ્યો હતો. ગાંધીજીએ કોંગ્રેસના આંતરિક મતભેદો શમાવી એને સમગ્ર રાષ્ટ્રની સ્વાતંત્ર્ય ચળવળની સૂત્રધાર બનાવી દીધી અને ૧૯૪૨ના 'કરેંગે યા મરેંગે' સૂત્ર પછી તો અંગ્રેજોએ પણ આ દેશમાં હવે દાણોપાણી ખૂટ્યાં હોવાનું સ્વીકારી લીધું હતું. દેશને આઝાદી અપાવનારી આ પાર્ટી વિશે ઘસાતું બોલવું એ ખરેખર તો ગાંધીજીનો દ્રોહ ગણાવો જોઈએ. પરંતુ લોકશાહીમાં સૌને પોતાનો અભિપ્રાય આપવાનો મૂળભૂત અધિકાર છે. બંધારણે વાણી સ્વાતંત્ર્યનો અધિકાર આપ્યો છે એનો કેટલી હદે દુરુપયોગ થઈ શકે એની નેતાગીરી સામે ઓકાયેલ ઝેરી વાણી વિલાસમાં જોયું છે, સાંભળ્યું છે. કોંગ્રેસ એના વારસાઈ તપોબળથી પ્રજાની વચ્ચે જીવતી રહી છે. એ સાચું કે આઝાદી પછીની કોંગ્રેસ અને આઝાદી પૂર્વેની કોંગ્રેસ અને આઝાદી પૂર્વેની કોંગ્રેસમાં ઘોડા ગધેડા જેટલો ફેર છે, આસમાન જમીનનું અંતર છે. છતાં કોંગ્રેસ એ કોંગ્રેસ છે, જેના જિન્સમાં ગાંધી, નહેરુ, સરદાર અને અબુલ કલામ આઝાદના ઉચ્ચ વિચાર તથા આચારના સંસ્કાર છે. કોંગ્રેસ કોઈ ધર્મ, સંપ્રદાય કે જાતિવાદ આધારિત રાજકીય પક્ષ નથી, તેથી વખત પૂરતી અને આવાં તત્ત્વોને કારણે પછડાટ મળી પણ છે અને હજી પણ મળી શકે છે. પરંતુ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન એની જે સંસ્કારી ઈમેજ ઊડીનો આંખે વળગે તે રીતે પ્રજાની સમક્ષ રજૂ કઈ છે તે એના ઉજ્જવળ ભવિષ્યનો સંકેત છે. મહાત્મા ગાંધી અને રાહુલ ગાંધી વચ્ચે પાંચ બેઢીઓનું અંતર છે એટલે સ્વાભાવિક રીતે જ એમના નેતૃત્વ વાળી કોંગ્રેસમાં ફરક તો રહેવાનો. પરંતુ રાહુલ ગાંધી પણ આ વર્તમાન કોંગ્રેસ માટે લાંબી રેસનો ઘોડો પુરવાર થઈ શકે એમ છે, એ સ્વીકારવું જ રહ્યું. એક જ પરિવારના આ છઠ્ઠા પ્રમુખ હશે કબૂલ. પરંતુ એમણે અને એમના પૂર્વજોએ કોંગ્રેસ અને દેશ માટે ભોગ આપ્યો છે એટલે જ એમને નિર્વિરોધ ચૂંટાવાની તક સાંપડી છે એની પણ ના નહીં પાડી શકાય. કોંગ્રેસને સોનિયા ગાંધીનું નેતૃત્વ ફળ્યું હતું. વિદેશી મૂળનાં મહિલા તરીકે વિરોધીઓએ એમની સામે જે કાગારોળ કરી હતી તેની પ્રજા પર કોઈ જ અસર નહોતી થઈ. રાહુલ ગાંધી વિરુદ્ધ કોઈ અજાણ્યા શખ્સ - શહજાદ પૂનાવાલા પાસે બૂમરાણ મચાવાઈ રહી છે, પરંતુ એથી રાહુલની અનિવાર્યતા કે એમની પ્રતિમાને કશી અસર નથી થવાની. પાંચ વર્ષ પહેલાના રાહુલ અપરિપક્વ હતા. એ હવે એટલા ભીરુ નથીં. એમણે પૂરતી તાલીમ લીધી છે અને એ કોંગ્રેસનું જ નહીં, દેશનું સુકાન સંભાળવા જેટલી લાયકાત પણ હાંસલ કરી દીધી છે. વિદેશો સાથે બાળપણથી સંકળાયેલા હોઈ તેઓ વ્યાપક દષ્ટિકોણ ધરાવતા વિશ્વનાગરિક તરીકે વિકસ્યા છે. બેસ્ટ ઑફ લક રાહુલ!

# સવાલ રંગીન – જવાબ સંગીન

અનંત પટેલ

*હરીશ : આજકાલ બધી જ તરુણીઓ તેમના વાળ ખુલ્લા અને ખભે લટકતા કેમ રાખે છે?*

*જવાબ : ભઈ જૂઓ, છોકરીઓ વાળ ખભે મૂકે કે અંબોડે બાંધે તમને શું ફેર પડે છે ?*

*રીટા : મારો નાનો ભઈલો મને બહુ હેરાન કરે છે તો શું કરવું ?*

*જવાબ : ભઈલાને પ્રેમથી સમજાવો, ન માને તો મમ્મી પપ્પાને જણાવી દેવું, બાકી પોતે એને પાઠ ભણાવવાનું ના વિચારવું એ સમજશે નહિં ને સમસ્યા વધારશે.*

*સ્મિતા : મારાં સાસુ કદી પણ નારાજ ન થાય એને માટેનો કોઈ રામબાણ ઈલાજ બતાવી શકો...*

*જવાબ : સાસુ નારાજ જ ન થાય તેના માટેનો રામબાણ ઈલાજ મળવો મુશ્કેલ છે, છતાં તમે જતું કરવાનો સિદ્ધાંત ત્રણેક મહિના અજમાવી જૂઓ. એટલું જરુર કે જબરજસ્ત ધીરજ રાખશો તો લાભ જરૂર થશે.*

*ચંચળ : સગા ભાઈઓ ઘણી વખત મિલકત માટે લડે ત્યારે તેમનો લોહીનો સંબંધ પણ શી રીતે ફૂલી જતા હશે ?*

*જવાબ : લોહીનો સંબંધ બે સગા ભાઈઓ વચ્ચે છે તેમની પત્નીનો વચ્ચો તો હોતો નથી ને ?*

*કુબેર : પત્ની વારે વારે પિયર જવાની હઠ કરે તો શું કરવું ?*

*જવાબ : પત્નીનાં માબાપને બોલાવીને પત્નીને રીમાંડ પર લેવડાવો. લગ્ન થઈ ગયા પછી છોકરી પિયરનો મોહ ના છોડે તો લગ્ન જીવનમાં ડખા ઊભા થવાના...*

*શર્મિલી : પ્રેમિકા મા-બાપની ઈચ્છાને માન આપીને પ્રેમીને ભૂલવા તૈયાર થાય તો એને બેવફાઈ ન કહેવાય ?*

*જવાબ : બેવફાઈ તો ખરી જ, પણ માફ કરવા જેવી ખરી, તેથી પ્રેમી સંજોગો જોઈને બીજું યોગ્ય પાત્ર શોધી લે એમાં જ એની ભલાઈ...*

*સુધીર : પ્રેમિકાને અમુક વસ્તુ નહિ કરવા વારંવાર સમજાવ્યા જ કરવું પડે છે તેનું શું કારણ ?*

*જવાબ : એ જો આવું જ કર્યા કરતી હોય તો એને પ્રેમિકા ગણવા અંગે પુનઃ વિચારણા કરવી જરૂરી ખરી...*

# 'આપણે આપણી મંઝિલે પહોંચવાની તૈયારીમાં છીએ



## નવાં કલેવર

નટવર હેડાઉ

આપણે ત્યાં શિયાળાની ફુલ ગુલાબી ઠંડી શરૂ થતાંની સાથે જ નળ સરોવર, થોળ જેવાં સ્થળોએ વિદેશી પક્ષીઓનું આગમન થાય છે એ જ રીતે યુરોપ-અમેરિકાની કાતિલ હાડથીજવતી ઠંડીથી બચવા ત્યાં વસતા એન.આર.આઈ. પરિવારો પણ ગુજરાતમાં બે ત્રણ મહિના માટે આવી જતા હોય છે.

**યુરોપ–અમેરિકાની કાતિલ હાડથીજવતી ઠંડીથી બચવા ત્યાં વસતા એન.આર.આઈ. પરિવારો પણ ગુજરાતમાં બે ત્રણ મહિના માટે આવી જતા હોય છે**

કેનેડાના ટોરેન્ટોમાં રહેતા રાકેશભાઈ ઉર્ફે રોકી અને તેમનો પાંચ વર્ષનો દીકરો વ્રજ ઉર્ફે વીકી જે પ્રથમ વખત બારત આવતો હતો. પિતા પુત્ર વિમાનમાં બેઠા હતા. વીકી વિમાનની બારી પાસે બેઠો હતો. વિમાન ઉડ્યું અને વાદળોમાંથી પસાર થવા માંડ્યું. નીચેના દૃશ્યો જોવાની વીકીને ખુબ જ મજા પડી. મકાનો, રસ્તા, ખેતરો અને જંગલ બધું કોઈ મિત્રમાં ચિતરેલું હોય તેવું લાગતું હતું. વિમાનમાં કેટલાંક મુસાફરો કંઈક વાંચતા હતા તો કોઈ વળી ઝોકું ખાતા હતા. વીકી ખુબ જ ઉત્સુકતા પૂર્વક નીચેનાં દૃશ્યો ને જોઈ રહ્યો હતો. તે થોડી થોડી વારે તેના પપ્પાને પ્રશ્નો પૂછતો હતો. દીકરાની જીજ્ઞાસા સંતોષવા રાકેશભાઈ પણ તેને જવાબ આપવાની સાથે બધું સમજાવવાની કોશિષ કરતા હતા.

'પપ્પા, આપણું વિમાન અત્યારે કયા દેશ પરથી ઉડી રહ્યું છે.'

'ઈંગ્લેન્ડ'

'ત્યાંના લોકો, આ ખ્રિસ્તીઓનો દેશ છે. અહીં ફક્ત ક્રિસમસ ઉજવવામાં આવે છે. યુરોપ અને અમેરિકાના મોટાભાગના દેશોમાં ક્રિસમસની જ ઉજવણી થાય છે.'

'પપ્પા, હવે આપણે ક્યાં છીએ?' થોડીવાર પછી બાળકે ફરી પ્રશ્ન કર્યો.

'હવે આપણું વિમાન સાઉદી અરબ ઉપરથી ઊડી રહ્યું છે.'

'શું ત્યાં પણ ક્રિસમસ ઉજવવામાં આવે છે?'

'ના, બેટા, અહીંથી પાકિસ્તાન સુધી મુસ્લિમ દેશો છે. તેઓ ઈદ મનાવે છે.'

વીકી કુતૂહલથી જોઈ રહ્યો હતો. વિમાન વિશાળ રણ વિસ્તારો અને હિલોળા લેતા સમુદ્ર ઉપરથી પસાર થતું આગળ વધતું હતું.

'અને હવે આપણે ક્યાં છીએ ?' થોડા સમય પછી નાના બાળક એવા વીકીએ એજ પ્રશ્ન કર્યો.

'હવે આપણું વિમાન ભારતીય સરહદમાં દાખલ થઈ ચૂક્યું છે. અમદાવાદ હવે દૂર નથી.'

'આપમે આપણી મંઝિલે પહોંચવાની તૈયારીમાં છીએ.'

'પપ્પા, અહીંના લોકો ક્રિસમસ ઉજવે છે ખરા?' ફરી એજ પ્રશ્ન.

'હાં બેટા, અહીં બધા ધર્મોના તહેવારો ઉજવાય છે. અહીં ખ્રિસ્તી લોકો ક્રિસમસનો તહેવાર ધામધૂમથી ઉજવે છે તો મુસ્લિમો પણ દિલથી ઈદ મનાવે છે અને હિંદુઓ દિવાળી, હોળી, દશેરા જેવા અનેક તહેવારો હસીખુશી અને ઉત્સાહથી ઉજવે છે. અહીં બુદ્ધ ધર્મના લોકો બુદ્ધ પૂર્ણિમા, જૈન ધર્મના લોકો મહાવીર જયંતિ અને શિખ સમુદાય ગુરુ પર્વ ખુબ શ્રદ્ધા અને ભક્તિ પૂર્વક ઉજવે છે. પારસી લોકોની વસ્તી પણ આપણે ત્યાં છે. તેઓ પણ તેમનો તહેવાર ઉજવે છે.

'વાહ, વાહ પપ્પા વાહ આટલા બધા તહેવારો અને તે પણ એક દેશમાં એક જગ્યાએ ઉજવાય... મજા આવી જવાની...' વીકીએ આખી મુસાફરીમાં પહેલીવાર ખુશ થઈને તાલીઓ વગાડી. આજુબાજુ બેઠેલા અન્ય મુસાફરો પણ તેની સાથે જોડાયા.

# ખિલતે હૈ ગુલ યહાં, ખિલકે બિખરને કો, મિલતે હૈ દિલ યહાં...!!




## Hello ફ્રેન્ડસ!

સંજય થોરાત 'સ્વજન'
mail@sanjaythorat.com

બાળ કલાકાર તરીકે એન્ટ્રી લેનાર શશી કપૂરને 'ધરમપુત્ર' ફિલ્મથી હીરો તરીકે એન્ટ્રી મળી. ૧૧૬ હિન્દી અને અંગ્રેજી ફિલ્મોમાં કામ કરનાર શશી કપૂરે શેક્સપિયરના નાટકો ભજવતી મંડલીની હીરોઈન જેનીફર કેન્ડલ સાથે પ્રેમલગ્ન કર્યા હતા.

'સિદ્ધાર્થ' ફિલ્મમાં કામ કરનાર શશી કપૂરને પૂછવામાં આવેલું, 'તને શું આવડે છે?' અને કહેલું, 'આઈ કેન ફાસ્ટ એન્ડ વેઈટ'.




શશી કપૂર માત્ર રૂપાળો હીરો નથી પરંતુ એક સક્ષમ અભિનેતા છે એમ સાબિત કરવા પણ વર્ષો લાગેલા. જુનૂન, ચોર મચાયે શોર અને ફકીરામાં એક સ્માઈલીંગ હીરોની અંદરનો અભિનેતા અલગ પડે છે. રાજકપૂર એના સગાભાઈ છતાં એમને લીડીંગ રોલમાં લેતા પહેલાં ઘણા તપાવેલાં. એ જમાનામાં શશીકપૂર માટે સ્પર્ધા છેક સુધી રહી.

ઘરમાં જ બે મોટા ભાઈ રાજ કપૂર અને શમ્મી કપૂર ફુલ ફોર્મમાં હતાં તો ઘરની બહારના દિલીપકુમાર અને દેવાનંદ ટક્કરમાં હતા. રાજ-દિલીપ-દેવની સામે સુનિલ દત્ત અને રાજેન્દ્ર કુમાર પણ ટક્કર લેતા ડરતાં ત્યાં શશીકપૂર, મનોજ કુમાર અને ધર્મેન્દ્રની શું કથા કરવાની? એક શમ્મી કપૂર ઉછળકૂદ અને ગીતોના જોરે ચાલતો હતો.

જોતજોતામાં રાજેશ ખન્ના નામનો સુપર સ્ટાર આવ્યો અને એણે પેલી ત્રિપુટીને હંફાવવાનું શરૂ કર્યું. આ બધા સામે શશીકપૂર થોડી ઘણી જગ્યા બનાવે ત્યાં તો ઋષી કપૂર, રણધીર કપૂર અને રાજીવ કપૂર જેવા ત્રણ ભત્રીજા ઉતરી પડ્યા. શશી કપૂરની એ આખી સ્ટાર કાસ્ટ વચ્ચે જબરદસ્ત હરિફાઈ હતી. ધર્મેન્દ્ર 'હીમેન' બનીને લાભ લઈ ગયો તો મનોજ કુમારે હોંશિયારી બતાવી દેશભક્તિ ફિલ્મો પપર પોતાનો કોપીરાઈટ જમાવી દીધો. જીતેન્દ્રને સાઉથની ફિલ્મોના ડિરેકટરો ખેંચીને શ્રીદેવી-જયાપ્રદા સાથે તા-થૈયા.. કરાવવા લાગ્યા...

રાજેશ ખન્નાનું સુનામી શાંત પડ્યું ત્યાં અમિતાભ બચ્ચનનું વાવાઝોડું ફુકાયું. પણ એક ફાયદો એ થયો કે અમિતાભની સાથે ઋષીકપૂર અને શશીકપૂરને ફિલ્મોમાં સહાયકનો રોલ મળવા લાગ્યો. સંજીવ કુમાર પોતાની અભિનય ક્ષમતા પર ટક્યો હતો ત્યાં વિનોદ ખન્ના ઓશોની વાતોમાં આવતાં વિદેશ જતો રહ્યો. રૂપાળો-દેખાવડો-અભિનય-કપૂર લેબલ બધું જ હોવા છતાં શશી કપૂરને સ્ટાર લેબલ ના જ મળ્યું.

એ છેક સુધી ફીટ રહ્યો એટલે જીનત અમાન, પરવીન બાબી, નીતુ સિંગ, ડિમ્પલ કાપડીયા જેવી એના છોકરીના ઉંમરની હિરોઈનો સાથે જોડી બનાવી કામ કરતો રહ્યો. 'ઉત્સવ'માં ખલનાયક બનેલા શશી કપૂરને પછી ફિલ્મોમાં રોલ મળવા બંધ થયા. એને હસતો ચહેરો નેગેટીવ રોલ માટે આડખીલી હતો. એટલે એન્ટી હીરો તરીકે અન્ના કે રામા શેટ્ટી બની ના શક્યો ત્યાં ગબ્બર - કુલભૂષણ કયાંથી બની શકે ? અને છતાંય એ ફિલ્મો કરતો રહ્યો.

અમિતાભના ઉદય પહેલા એમણે ઘણી ફિલ્મો આપી, પણ જયારથી અમિતાભ સાથે કામ કરવાનું ચાલુ થયું એમની માર્કેટ વેલ્યુ ઉંચકાઈ. અમિતાભ કરતા ઓછો અને ઉતરતો હોવા છતાં એમને છાતી ઠોકીને કામ કર્યું અને એટલે જ બંનેની કેમેસ્ટ્રી જામતી હતી.

શશી કપૂરના અવસાને આજે તેમની થોડીક યાદગાર ફિલ્મો પર નજર ફેરવી દઈએ... દિવાર - ૧૯૭૫માં રિલીઝ થયેલી યશ ચોપરાની આ ફિલ્મમાં પ્રામાણિક પોલીસ ઈન્સ્પેકટરની ભૂમિકા શશી કપૂરે ભજવી એ બંનેની ટક્કરે અસત્ય પર સત્યના વિજયની વાતને પ્રસ્તુત કરી. આ ફિલ્મ મુંબઈના માફિયા હાજી મસ્તાનના જીવન પર બનેલી. આ ફિલ્મ માટે શશી કપૂરને બેસ્ટ સ્પોર્ટીંગ એક્ટરનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો.

જબ જબ ફુલ ખીલે - ૧૯૬૫ની આ ફિલ્મ એક પ્રેમકથા હતી. પૈસાદાર પ્રવાસી (નંદા) સીદાશાદા નાવિક (શશીકપૂર)ના પ્રેમમાં પડે છે. આ ફિલ્મના બધાં ગીતો સુપરહીટ હતાં એમાંય એક થા ગુલ ઔર એકથી બુલબુલ વધારે યાદગાર બન્યું હતું. કાલા પથ્થર - દીવાર - કભી-કભી અને ત્રિશુલ બાદની આ ચોથી ફિલ્મ હતી જેમાં યશ ચોપ્રાએ કોલસાની ખાણમાં થતી માફિયા અને અકસ્માતની વાતો કંડારી હતી. જેનું એક રાસ્તા હૈ જિંદગી, જો થમ ગયે તો કુછ નહીં, લગભગ શોલેના યેહ દોસ્તી હમ નહીં તોડેંગે જેવું જ હતું.

શર્મિલી - શશી કપૂર, રાખી અભિનીત આ ફિલ્મમાં શશી કપૂરે કેપ્ટન અજિત કુમારનો રોલ કર્યો હતો. આ ફિલ્મના ગીતો ખીલતે હૈ ગુલ યહાં, મેઘા છાયે આધી રાત, આજ મદહોશ હુઆ જાયે રે, કૈસે કહે હમ, ઓ મેરી શર્મિલી... બધાં જ આજે પણ સાંભળવા ગમે એટલા લોકપ્રિય થયા હતા. સુહાગ - ૧૯૭૯ની આ ફિલ્મો બોક્સ ઑફિસ પર પૈસાની ટંકશાળ પાડી હતી. અમિતાભ-શશી ફરી ભાઈ બન્યા હતા. આ ફિલ્મનું ઓ શેરોવાલી, ઉંચે ડેરોવાલી ગીત ખૂબ ચાલ્યું હતું.

નમક હલાલ - પ્રકાશ મહેરાની આ કોમેડી ફિલ્મમાં શશી કપૂર સાથે અમિતાભ, સ્મિતા પાટીલ, પરવીન બાબી હતા. શશી કપૂર ધનિક પિતાના પુત્ર તરીકે તો બચ્ચન અર્જુનસિંગ નામના બાવર્ચી તરીકે હતા. બપ્પી લહેરીના ગીતો રાત બાકી, બાત બાકી, જવા એ જાનેમાન, પગ ઘુંઘરું બાંધ મીરા નાચી રે... થી ધમાલ મચાવેલી. આ સિવાય જુનૂન, ત્રિશુલ, વિજેતા, આ ગલે લગ જા, ન્યૂ દિલ્હી ટાઈમ્સ જેવી ફિલ્મો પર શશી કપૂરની યાદગાર ફિલ્મની યાદીમાં આવે.

શશી કપૂરના યાદગાર ગીતોમાં તેરા મુજસે પહેલા કા વાદા કોઈ, કહે દુ તુમ્હેં યા ચૂપ રહું, આજ મદહોશ હુઆ જાયે રે, બેખુદી મેં સનમ, ઉઠ ગયે જો કદમ, તુમ બીન જાઉં કહાં, લીખે જો ખત તુજે, ઓ મોરી શર્મિલીની સુલ્તાના રે, સારેગામાપા, યે શમા, શમા હૈ યહ પ્યાર કા, વક્ત કરતા જો વહા આપ હમારે હોતેં, મોહબ્બત બડે કામકી ચીઝ હૈ, વોહ તેરે પ્યાર કા ગમ, દિલ સે, તુજે બીઠા કર - કર લુંગી મેં બંધ આંખે, એક ડાલ પર તોતા બોલે એક ડાલ પર મૈના, તોતા મૈના કી કહાની, કભી તેરા દામના છોડેગેં હમ, ઘૂંઘરું કી તરહ બજતા રહા હું મૈં... શશી કપૂરને છેલ્લે દાદા સાહેબ ફાળવે એવોર્ડ પણ મળ્યો, સસ્મિત શશી કપૂર સપોર્ટીંગ રોલ, બચ્ચન સાથેની જોડ અને યાદગાર ગીતોને કારણે યાદ રહી જશે...

ચૂંટલો :

શશી કપૂરની ફિલ્મ 'દિલને પુકારા' એકદમ ફાલતું હતી પણ એનું ગીત 'વક્ત કરતા જો વફા, આપ હમારે હોતે' આ ગીતને કારણે પ્રેક્ષકો ખેંચાઈ આવ્યા. આ ફિલ્મની હિરોઈન (રાજશ્રી) શશી કપૂરને છોડી બીજી હીરો (સંજય ખાન) સાથે છે ત્યાં થિયેટરમાં બેઠેલી એની ચાહક અકળાઈને બોલે છે 'આ ગાંડી થઈ છે કે શું ? શશી કપૂરને મુકીને સંજય ખાન જોડે જાય છે?' સીટમાંથી ઊઠીને અકળાયેલી એની ચાહક માટે આજુબાજુની સીટ પર બેસેલા પ્રેક્ષકોએ જોરથી તાળીઓ વગાડી હતી.